નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા કાર્યરત
યોજનાઓ અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ)
દ્વારા કાર્યાન્વિત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:મસક/૧૨૨૦૧૯/૯૫૨/અ
સચિવાલય. ગાંધીનગર
તા. ૨૦/૦૮/૨૦૧૯

**વંચાણે લીધા :**

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૦૮/૦૩/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: ૪-૭/ ૨૦૦૯-WW

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:મહય-૧૦૨૦૧૦-૨૬૦૬૩૦૪-અ

(૩) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૫/૦૫/૨૦૧૦ નો પત્ર ક્રમાંક: D. C. No. 4-2/2009-WW

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મહય-૧૦૨૦૧૦-૨૬૦૬૩૪-અ

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તારીખ ૦૧/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : મહય/૧૦૨૦૧૩/ ૧૧૪(૯૯૪૭૪)/અ

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:મહય-૧૦૨૦૧૬-૨૯૦૪-અ

(૭) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૮/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:મહય-૧૦૨૦૧૭-૧૬૧૦/અ

(૮) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૮/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મસય-૨૨૨૦૧૮-૨૬૪૧૭૮-અ

(૯) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૮/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મસય-૧૩૨૦૧૮-૧૦૯૬-અ

(૧૦) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૮/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મસય-૧૪૨૦૧૮-૨૬૫૦૬૧-અ

**આમુખ :**

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ભારત સરકાર અને રાજય સરકાર પુરસ્કૃત વિવિધ મહિલાલક્ષી યોજનાઓ કાર્યરત છે. જે પૈકી વન સ્ટોપ સેન્ટર, મહિલા પોલીસ વોલન્ટિયર, મહિલા શકિત કેંદ્ર, બેટી બચાઓ બેટી પઢાવો, રાજય મહિલા સંશોધન કેંદ્ર, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર

Scanned by CamScanner

જેવી યોજનાઓ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના નિયામકશ્રી જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા રાજયમાં અમલી કરવામાં આવેલ છે.

૨. વંચાણ (૧) વાળા ઠરાવથી ભારત સરકાર દ્વારા મહિલા સશકિતકરણ માટે રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત કરવામાં આવેલ.જે મુજબ રાજય સરકાર દ્વારા રાજય મહિલા સંશોધન કેંદ્ર અંતર્ગત મહિલાઓના સામાજિક આર્થિક અને શૈક્ષણિક રીતે સશકિતકરણ માટે સ્ટેટ મિશન ઓથોરીટી ફોર વિમેન વેલ્ફેરની રચના વંચાણ (૨) આગળના ઠરાવથી કરવામાં આવેલ છે.

૩. વંચાણ (૩) વાળા પત્રથી SRCW સોસાયટીની રચના કરવા ભારત સરકાર દ્વારા સુચન થયેલ જેથી યોજના અંતર્ગતનું ફંડ સોસાયટી મારફત ફાળવી શકાય.પરંતુ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકનું જેન્ડર રિસોર્સ સેન્ટર એક સોસાયટી હોઇ, એક અલગ સોસાયટીની રચના કરવી જરૂરી ન લાગતા SRCW અંતર્ગતની તમામ યોજનાઓ GRC દ્વારા જ કાર્યરત કરવામાં આવેલ હતી.

૪. વંચાણ (૪) વાળા ઠરાવથી સ્ટેટ રિસોર્સ સેન્ટર ફોર વુમેન માટે ફીક્ષ પગારથી ૭ (સાત) જગ્યાઓ ભરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૫. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે સુરક્ષા, સહાય અને માર્ગદર્શન તેમજ મહિલાલક્ષી સેવાઓની જાણકારી એકજ સ્થળેથી મળી રહે તે માટે રાજ્ય સ્તરે મહિલાઓ માટેની સર્વવ્યાપી અને સર્વગાહી મહિલા હેલ્પલાઈન ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગૃહ વિભાગ દ્વારા સંકલિત રીતે વંચાણ (૫) વાળા ઠરાવથી શરુ કરેલ છે.

૬. વંચાણ (૬) આગળના ઠરાવ મુજબ ઘરેલુ હિંસા કે અન્ય સમસ્યાઓથી પીડિત મહિલાઓને મદદરૂપ થવા અને જરૂરીયાત જણાયે તેની સમસ્યાના ઉકેલના ભાગરૂપે કાઉન્સેલીંગ કરવાના ઉદ્દેશથી પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર યોજનાનું જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.

૭. વંચાણ (૭) વાળા ઠરાવ મુજબ મહિલાઓની સુરક્ષા સલામતી અને સહાયતા માટે સમાજ અને પોલીસ વચ્ચે સેતુ સાધવાના હેતુસર ભારત સરકાર પુરસ્કૃત મહિલા પોલીસ વોલન્ટિયર યોજનાનું રાજયના બે જિલ્લા સુરત અને અમદાવાદમાં વર્ષ ૨૦૧૭-૧૮થી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.

૮. વંચાણ (૮) વાળા ઠરાવ મુજબ, પીડિત-શોષિત મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે તબીબી સેવા, પરામર્શ કાનુની માર્ગદર્શન, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકીય મદદ એક છત નીચે સંકલિત રીતે પુરી પાડવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર પુરસ્કૃત વન સ્ટોપ સેન્ટર-સખી યોજનાનું રાજયમાં વર્ષ ૨૦૧૭-૧૮થી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.

૯. વંચાણ (૯) વાળા ઠરાવ મુજબ સમાજમાં ઉભા થઇ રહેલ અસંતુલનને રોકવા તેમજ દિકરીઓના વિકાસને વેગ મળે તે હેતુસર ભારત સરકાર પુરસ્કૃત બેટી બચાવો બેટી પઢાવો યોજનાનું રાજયમાં વર્ષ ૨૦૧૫-૧૬ થી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.

૧૦. વંચાણ (૧૦) વાળા ઠરાવ મુજબ મહિલાઓના સર્વાંગી વિકાસ તથા સશકિતકરણ અર્થે, ગ્રામીણ મહિલાઓને સશકત અને જાગૃત બનાવવાના હેતુસર ભારત સરકાર પુરસ્કૃત મહિલા શકિત કેંદ્ર યોજનાનું રાજયમાં વર્ષ ૨૦૧૮-૧૯ થી જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.

Scanned by CamScanner

૧૧. મહિલાલક્ષી યોજનાઓના સંકલન માટે તેમજ સુચારુરૂપથી અમલીકરણ માટે રાજ્ય સરકાર ધ્વારા દરેક જિલ્લામાં મહિલા અને બાળ અધિકારી વર્ગ-૧ની જગ્યા ઉભી કરી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે.તેઓ દ્વારા ફકરામાં જણાવેલ યોજનાઓના કાર્યભાર સંભાળી લેવા હેતુ સ્ટેટ રિસોર્સ સેન્ટર ફોર વુમન (SRCW) હેઠળની યોજનાઓ જે હાલ GRC દ્વારા અમલી છે તેને અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) હસ્તક કાર્યરત કરવાની બાબત વિચારણા હેઠળ હતી જે અંગે વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ :

૧. આથી સ્ટેટ રિસોર્સ સેન્ટર ફોર વિમેન, અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) હસ્તક મુકવા અને તેના નિયામકશ્રી તરીકે અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ)ને જાહેર કરવામાં આવે છે.

૨. આમુખના મુદ્દા ૫ થી ૧૦ માં દર્શાવેલ તમામ યોજનાઓ જેમાં, (૧) ૧૮૧-અભયમ મહિલા હેલ્પ લાઇન, (૨) પોલીસ બેઝડ સપોર્ટ સેન્ટર યોજના, (૩) મહિલા પોલીસ વોલન્ટીઅર યોજના, (૪) વન સ્ટોપ સેન્ટર- સખી યોજના, (૫) બેટી બચાઓ બેટી પઢાઓ યોજના, (૬) મહિલા શક્તિ કેન્દ્ર યોજનાઓની કામગીરી રાજય કક્ષાએ અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) દ્વારા તથા જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા હાથ ધરવાની રહેશે.

૪. SRCW તથા PBSC યોજના અન્વયે મંજુર થયેલ તમામ સ્ટાફ આથી અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) હસ્તક મુકવામાં આવે છે.

૫. આ ઠરાવનો અમલ તે પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એસ.વસાવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ:

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી ,સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી ,સચિવાલય,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
- મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

Scanned by CamScanner

→ નિવાસી ઓડીટ અધિકારીશ્રી ગાંધીનગર
→ નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ
→ સર્વે કલેકટરશ્રીઓ
→ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
→ સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
→ સર્વે મહિલા અને બાળ અધિકારીશ્રીઓ
→ સર્વે જિલ્લા પ્રોગ્રામ ઓફીસરશ્રી (ICDS)
→ સર્વે દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રીઓ

(ઉપરના સર્વે: અધિકકમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) ની કચેરી મારફત)

→ સિસ્ટમ મેનેજર, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
→ પસંદગી ફાઇલ.

Scanned by CamScanner